# ફિફા વર્લ્ડકપ : ત્રણ ઉદ્દઘાટન સમારોહ યોજાશે



## ખેલાડીઓ કે 'આતંકવાદી'? જૂતા પણ સ્કેન કરવામાં આવ્યા

**સેનેગલ** અને ઉઝબેકિસ્તાનના ખેલાડીઓની કડક સુરક્ષા તપાસને પગલે અમેરિકાની ટીકા

ટેક્સાસ, તા. 10 : 2026 ફિફા વર્લ્ડકપ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ, ઘણા વિવાદો સામે આવ્યા છે. જેમાં સોમાલી રેફરીને પ્રવેશ આપવાનો ઇનકારનો ખાસ્સો વિવાદ જાગ્યો હતો. હવે, સેનેગલ અને ઉઝબેકિસ્તાન ટીમના ખેલાડીઓની કડક સુરક્ષા તપાસ માટે અમેરિકાની ટીકાઓ થઇ રહી છે. અહેવાલો અનુસાર, અહીંના સાન એન્ટોનિયો એરપોર્ટ પર પહોંચ્યા પછી રનવે નજીક સેનેગલના ખેલાડીઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સુરક્ષા અધિકારીઓ દ્વારા ખેલાડીઓની તપાસ કરવામાં આવી રહી છે અને હેન્ડહેલ્ડ મેટલ ડિટેક્ટરથી તેમના જૂતા સ્કેન કરાયા હતા. દરમિયાન, 8 જૂને ન્યુયોર્કમાં ઉઝબેકિસ્તાનની ટીમ પણ કડક સુરક્ષા પ્રોટોકોલમાંથી પસાર થઇ હતી. ખેલાડીઓની બેગ અલગ રાખવામાં આવી હતી, ખિસ્સા ખાલી કરવામાં આવ્યા હતા અને તેમના આખા શરીરને મેટલ ડિટેક્ટરથી સ્કેન કરવામાં આવ્યા હતા. વધુમાં, સુરક્ષા એજન્સીઓએ ટીમના સામાનનું નિરીક્ષણ કરવા માટે ખાસ તાલીમ પામેલા સ્નિફર ડોગ્સનો પણ ઉપયોગ કર્યો હતો. ખેલાડીઓની બેગ તપાસતા આ ડ્રગ્સ શોધનારા કૂતરાઓના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

**મેક્સિકો** સિટીમાં 11 જૂને રાત્રે 11 વાગ્યે, ટોરોન્ટોમાં 12 જૂને રાત્રે 11 વાગ્યે અને લોસ એન્જલસમાં 13 જૂને સવારે પાંચ વાગ્યે ઉદ્દઘાટન સમારોહ યોજાશે

**ભારતમાં** ઉદ્દઘાટન સમારોહ અને ફિફા વર્લ્ડકપની મેચોનું જીવંત પ્રસારણ યુનાઈટ8 સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ ઝી5 પર જોઇ શકાશે

ન્યૂ યોર્ક/ટોરોન્ટો, તા. 10 : ફિફા વર્લ્ડકપ 2026નો આવતીકાલે ગુરુવારે રાત્રે 12.30 વાગ્યે મેક્સિકો અને દક્ષિણ આફ્રિકાની મેચથી શરૂઆત થાય તે પહેલા ત્રણ અલગઅલગ દિવસે ત્રણેય યજમાન દેશમાં મેક્સિકો સિટી, ટોરોન્ટો અને લોસ એન્જેલસમાં ત્રણ અલગઅલગ ઉદ્દઘાટન સમારોહ યોજાશે.

મેક્સિકો વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા મેચ શરૂ થાય તેની 90 મિનિટ પહેલા મેક્સિકો સિટીમાં યોજાનારા ઉદ્દઘાટન સમારોહમાં શકીરા અને બર્ના બોય પરફોર્મ કરશે, ભારતમાં તે રાત્રે 11 વાગ્યે જોઇ શકાશે. ટોરોન્ટો અને લોસ એન્જલસમાં પણ ઉદ્દઘાટન સમારોહ યોજાશે.

બીજો ઉદ્દઘાટન સમારોહ કેનેડાના ટોરોન્ટોમાં 12મી જૂને યોજાશે. ટૂર્નામેન્ટના ત્રીજી મેચમાં કેનેડા બોસ્નિયા અને હર્ઝેગોવિનાનો સામનો કરશે. આ મેચ પહેલા, ભારતના ચાહકો 12 જૂને રાત્રે 11 વાગ્યે શરૂ થનારા ઉદ્દઘાટન સમારોહને જોઈ શકશે જેમાં નોરા ફતેહી પરફોર્મ કરવાની છે. અમેરિકામાં પહેલી મેચ 13 જૂને લોસ એન્જલસ સ્ટેડિયમમાં અમેરિકા અને પેરાગ્વે વચ્ચે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 6:30 વાગ્યે શરૂ થશે. ભારતમાં સવારે 5 વાગ્યે ઉદ્દઘાટન સમારોહ બતાવવામાં આવશે જેમાં કેટી પેરી પરફોર્મ હશે.



### મેક્સિકોમાં સમારોહ

શકીરા અને બર્ના બોય હેડલાઇનર હશે અને ટૂર્નામેન્ટનું સત્તાવાર ગીત 'ડાઇ ડાઇ' ગાશે. અન્ય કલાકારોમાં અલેજાન્ડ્રો ફર્નાન્ડીઝ, બેલિન્ડા, ડેની ઓશન, જે બાલ્વિન, લીલા ડાઉન્સ, લોસ એન્જલસ એઝ્યુલ્સ, માના અને ટાયલાનો સમાવેશ થાય છે.

### કેનેડામાં સમારોહ

પ્રખ્યાત કેનેડિયન કલાકાર માઇકલ બુબલ, એલેસિયા કારા અને એલાનિસ મોરિસેટ જેવા કલાકારો સાથે પરફોર્મ કરશે. પેલેસ્ટિનિયન-ચિલીયન ગાયિકા એલિયાના પણ પરફોર્મ કરશે, તેમજ ફ્રેન્ચ કલાકાર વેજડ્રીમ પણ પરફોર્મ કરશે. જેસી રેયેઝ, નોરા ફતેહી, સંજોય અને વિલિયમ પ્રિન્સ પણ પરફોર્મ કરવાના છે.

### અમેરિકામાં સમારોહ

અમેરિકાના લોસ એન્જેલસ સ્થિત લોસ એન્જલસ સ્ટેડિયમમાં પોપ સ્ટાર કેટી પેરી તેના ગૃહ રાજ્યમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેની સાથે રેપર્સ ફ્યુચર, અનિતા, લિસા, રેમા અને ટાયલા જોડાશે.

## ફિફા વર્લ્ડકપમાં છેલ્લી ટીમને મળનારી રકમ પણ વન ડે વર્લ્ડકપની કુલ ઇનામી રકમથી વધુ

**ફિફા** વર્લ્ડ કપ 2026ના ચેમ્પિયનને રૂ. 477.35 કરોડ જ્યારે છેલ્લા સ્થાનની ટીમને રૂ. 86 કરોડ મળશે

**ક્વોલિફાયરને** વધારાના1 કુલ રૂ. 119 કરોડના ઉમેરા સાથે છેલ્લા સ્થાનની ટીમ કુલ રૂ. 205.26 કરોડ લઇ જશે

**2023ના** વન ડે વર્લ્ડકપની કુલ ઇનામી રકમ રૂ. 95.47 કરોડ હતી, વિજેતા ઓસ્ટ્રેલિયાને રૂ. 38.18 કરોડ મળ્યા હતા

**કઈ ટીમને કેટલા પૈસા મળશે:**

| સ્થિતિ | ઈનામની રકમ (ડોલર) | રૂપિયામાં |
|---|---|---|
| વિજેતા | 50 મિલિયન | 477 કરોડ |
| રનર-અપ | 33 મિલિયન | 315 કરોડ |
| ત્રીજું સ્થાન | 29 મિલિયન | 277 કરોડ |
| ચોથું સ્થાન | 27 મિલિયન | 258 કરોડ |
| પાંચથી આઠમું સ્થાન | 19 મિલિયન | 181 કરોડ |
| નવથી 16મું સ્થાન | 15 મિલિયન | 143 કરોડ |
| 17થી 32મું સ્થાન | 11 મિલિયન | 105 કરોડ |
| 33થી 48મું સ્થાન | 09 મિલિયન | 86 કરોડ |

નવી દિલ્હી, તા. 10 : ફિફા વર્લ્ડકપ 2026 માટે તમામ 48 ટીમો તૈયાર છે. અમેરિકા, કેનેડા અને મેક્સિકો દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટ 11 જૂને રાત્રે 12.30 વાગ્યાથી શરૂ થશે. ફિફા વર્લ્ડકપ 2026 માટે કુલ ઇનામની રકમ 655 મિલિયન ડોલર અર્થાત અંદાજે રૂ. 6240 કરોડની રેકોર્ડબ્રેક રહેશે. કતારમાં 2022 ફિફા વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ટુર્નામેન્ટની કુલ ઇનામી રકમ 440 મિલિયન ડોલર હતી.

વિજેતા ટીમને ગયા વખતે 42 મિલિયન ડોલર મળ્યા હતા, જ્યારે આ વખતે તેને 50 મિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 477 કરોડ મળશે. પ્રદર્શન-આધારિત ઇનામી રકમ ઉપરાંત, દરેક ક્વોલિફાઈંગ દેશને લાયકાત ચુકવણી તરીકે 10 મિલિયન ડોલર આશરે રૂ. 95.47 કરોડ અને તૈયારી માટે 2.5 મિલિયન ડોલર અર્થાત આશરે રૂ.23.86 કરોડ મળીને વધારાના કુલ રૂ. 119.33 કરોડ આપવામાં આવશે. આનો અર્થ એ થયો કે છેલ્લા સ્થાને રહેલી ટીમ પણ 21.5 મિલિયન ડોલર અર્થાત રૂ. 205.26 કરોડ કરોડ ઘરે લઈ જશે. ભારતમાં 2023માં યોજાયેલા વન ડે વર્લ્ડકપમાં કુલ ઇનામી રકમ ફક્ત 10 મિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 95.47 કરોડ હતી, જે ફિફા વર્લ્ડકપમાં છેલ્લા સ્થાને રહેલી ટીમને મળેલી રકમ કરતા પણ ઓછી છે. વિજેતા ટીમ, ઓસ્ટ્રેલિયાને 4 મિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 38.18 કરોડ અને ઉપવિજેતા, ભારતને બે મિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 19.09 કરોડ મળ્યા હતા.

## હાર્દિક પંડ્યા ઈજાના કારણે વન-ડે સિરીઝમાંથી બહાર

**એક** દિવસ પહેલા જ ફિટ થયેલા હાર્દિકે ફિટનેસ ટેસ્ટમાં 10 ઓવર બોલિંગ કરતાં સાથળના સ્નાયુ ખેંચાઇ ગયા



મુલ્લાનપુર, તા. 10 : હજુ થોડા કલાકો પહેલા જ રમવા માટે લીલી ઝંડી મેળવનાર ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા બુધવારે સાથળના સ્નાયુ ખેંચાઈ જવાને કારણે અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.

આઈપીએલ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે હાર્દિક પીઠના દુખાવાની ઈજાનો ભોગ બન્યો હતો. તે આ ઈજાના ફિટનેસ સર્ટિફિકેટ માટે બેંગલુરુમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ખાતે હાજર હતો. એવું જાણવા મળ્યું છે કે, ફિટનેસ ટેસ્ટ દરમિયાન સેન્ટર ઓફ એક્સેલન્સમાં પંડ્યાએ પૂરી ૧૦ ઓવર બોલિંગ કરી હતી. એવું માનવામાં આવે છે કે લાંબા વિરામ પછી અચાનક સંપૂર્ણ બોલિંગમાં પાછા ફરવાથી તેના જાંઘના સ્નાયુઓ પર વધારાનો તાણ પડ્યો, જેના કારણે તેને નવી ઈજા થઈ..

બીસીસીઆઇના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ ઈજામાંથી સાજા થવા માટે ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયાનો સમય લાગશે. તેથી તેના વન-ડે સિરીઝમાં રમવાની કોઈ જ શક્યતા નથી, કારણ કે ત્યાં સુધીમાં તેનું રિહેબિલિટેશન પૂરું નહીં થાય.

## લિયોનલ મેસીના શાનદાર પ્રદર્શનથી આર્જેન્ટિનાએ આઇસલેન્ડને 3-0થી હરાવ્યું

**આર્જેન્ટીનાની** છેલ્લી વોર્મઅપ મેચમાં 70મી મિનિટે મેદાન પર ઉતરેલા મેસીએ બે મિનિટમાં જ ગોલ કર્યો



અલબામા, તા. 10 (એપી) : લિયોનલ મેસી ફિફા વર્લ્ડકપ માટે સંપૂર્ણ તૈયાર છે એવું આજે તેણે અલાબામાના ઓબર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી આઈસલેન્ડ સામેની ફ્રેન્ડલી મેચમાં ગોલ કરીને પુરવાર કરી દીધું છે. પોતાની આ છેલ્લી વોર્મઅપ મેચમાં આર્જેન્ટીનાએ આઈસલેન્ડને 3-0થી હરાવ્યું હતું

હેમસ્ટ્રિંગના દુખાવાથી સ્વસ્થ થયા પછી પોતાના 39માં જન્મદિન અને છઠ્ઠા વર્લ્ડકપના એક દિવસ પહેલા મેસી મેચ શરૂ થઇ ત્યારથી મેદાન પર આવ્યો નહોતો અને તે બેન્ચ પર જ બેઠો હતો, જો કે મેચની 70મી મિનિટે તે મેદાન પર સબસ્ટીટ્યૂટ તરીકે આવ્યો હતો અને તે પછીની બે જ મિનિટમાં અર્થાત 72મી મિનિટે તેણે બોક્સમાં લૌટારો માર્ટિનેઝને પાઉલ કરાતા મળેલી પેનલ્ટી કિકને ગોલમાં ફેરવી હતી. મેચની શરૂઆતથી જ આર્જેન્ટિનાએ આક્રમક વલણ અપનાવ્યું. યુવા પ્રતિભાશાળી વેલેન્ટિન બાર્કોએ આઠમી મિનિટે ટીમને સરસાઇ અપાવી. તે પછી મેસીએ ગોલ કર્યો અને અંતિમ સમયે 87મી મિનિટે થિયાગો અલ્માડાએ એક શાનદાર ગોલ કરતાં તેમણે 3-0થી આ મેચ જીતી હતી.

## નોર્વેની ટીમ 6,000 સંતરા અને 300 કિલો લાલ માછલી સાથે વર્લ્ડકપ રમવા પહોંચી

**વર્લ્ડકપ** રમવા અમેરિકા પહોંચેલી નોર્વેની ટીમ 116 કિલો ચીઝની સાથે જ પોતાના બે શેફને પણ લાવી



નવી દિલ્હી, તા. 10 : નોર્વેની ફૂટબોલ ટીમ 28 વર્ષ પછી ફિફા વર્લ્ડકપમાં ભાગ લેવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચી છે. જો કે તેઓ અમેરિકા એમ જ નથી પહોંચ્યા પણ તેમની સાથે બે શેફ અને ઘણી બધી ખાદ્ય સામગ્રી પણ પોતાની સાથે લાવી હોવાના અહેવાલ છે.

નોર્વેજીયન ટીમનો કેમ્પ ગ્રીન્સબોરો, નોર્થ કેરોલિનામાં છે. ખેલાડીઓ ત્યાં સખત મહેનત કરી રહ્યા છે. તેઓ મોરોક્કો સામે ફ્રેન્ડલી મેચ રમી ચૂક્યા છે. નોર્વેજીયન ટીમ પોતાની સાથે 300 કિલોગ્રામ લાલ માછલી, 116 કિલોગ્રામ ચીઝ અને 6,000 સંતરાઓ સાથે યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચી હતી. નોર્વેજીયન ફૂટબોલે ખેલાડીઓને ઘર જેવો અનુભવ કરાવવા માટે આમ કર્યું છે.

નોર્વેજીયન ટીમ સાથે બે શેફ પણ અમેરિકા પહોંચ્યા છે. પ્રસિદ્ધ નોર્વેજીયન શેફ એરોન એસ્પેલેન્ડ અને એરિક ટુફ્ટે ટીમ સાથે છે. એસ્પેલેન્ડે 2020માં પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ શેફ સ્પર્ધા, રસોઈ ઓલિમ્પિક્સમાં નોર્વે માટે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. હવે, રાષ્ટ્રીય ટીમના લાંબા સમયથી સેવા આપતા શેફ સાથે મળીને, તે ખાતરી કરશે કે રમતવીરોને શ્રેષ્ઠ નોર્વેજીયન ઘટકો સાથે તૈયાર કરેલું ભોજન મળે.

## ઋચાની તોફાની બેટિંગ છતાં ભારત ઈંગ્લેન્ડ સામેની વોર્મ-અપ મેચ હાર્યું

**ઈંગ્લેન્ડે** એમી જોન્સ અને નેટ સ્કિવર બ્રન્ટની અર્ધસદીની મદદથી 171 રન બનાવ્યા, ભારતીય ટીમ 166 રને ઓલઆઉટ થઇ

**અંતિમ** બે ઓવરમાં 38 રનની જરૂર હતી ત્યારે ઋચાએ 19મી ઓવરમાં 21 રન કરીને ટીમને લક્ષ્યની નજીક પહોંચાડી



કાર્ડિફ, તા. 10 (પીટીઆઈ) : મહિલા ટી20 વર્લ્ડ કપ પહેલાની રોમાંચક અંતિમ વોર્મ-અપ મેચમાં આજે બુધવારે અહીં ઋચા ઘોષની ધમાકેદાર અડધી સદી છતાં ડેની ગિબ્સનના ઓલરાઉન્ડ પ્રદર્શનને કારણે ઈંગ્લેન્ડે ભારતને પાંચ રનથી હરાવ્યું હતું.

વિજય માટે 172 રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે, ભારતનું ટોપ ઓર્ડર ફરી એકવાર નિષ્ફળ ગયું. વિકેટોના સતત પતન વચ્ચે, ઋચાએ 36 બોલમાં શાનદાર 68 રન બનાવીને મેચને રોમાંચક બનાવી દીધી, પરંતુ ડાબોડી સ્પિનર લિન્સી સ્મિથે દબાણ હેઠળ પોતાનું સંયમ જાળવી રાખીને ત્રણ વિકેટ ઝડપીને ભારતને 19.5 ઓવરમાં 166 રનમાં ઓલઆઉટ કરી દીધું.

17.3 ઓવરમાં 132 રનમાં સાત વિકેટ ગુમાવ્યા બાદ ભારત લગભગ મેચ હારી ચૂક્યું હતું પરંતુ ઋચાએ આક્રમક બેટિંગ કરી અને ટીમને લક્ષ્યની નજીક લાવી દીધી હતી. અંતિમ બે ઓવરમાં જીતવા માટે 38 રનની જરૂર હતી અને ઋચાએ 19મી ઓવરમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા સાથે 21 રન બનાવ્યા તે પછી જીત માટે ત્રણ બોલમાં છ રનની જરૂર હતી, ત્યારે તે આઉટ થઇ અને બીજા જ બોલે રેણુકા આઉટ થવાથી ભારતીય ઈનિંગ્સનો અંત આવ્યો.

આ પહેલા ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ઈંગ્લેન્ડ તરફથી એમી જોન્સે 45 બોલમાં 64 અને કેપ્ટન નેટ સ્કિવર-બ્રન્ટે 45 બોલમાં 57 રન કર્યા હતા, જ્યારે ગિબ્સને માત્ર 12 બોલમાં અણનમ 30 રન ફટકારીને ટીમને છ વિકેટે 171 રન પર પહોંચાડી હતી. રેણુકા સિંહની ઈનિંગની અંતિમ ઓવરમાં બે ચોગ્ગા અને એક છગ્ગા સાથે બનેલા ૧૯ રન રન આખરે નિર્ણાયક સાબિત થયા.

## નાઈટક્લબ ઘટનાની તપાસ વચ્ચે સ્ટોક્સ, એટકિન્સન બીજી ટેસ્ટમાંથી બહાર

**સ્ટોક્સના** સ્થાને જો રૂટ બીજી ટેસ્ટમાં વચગાળાનો કેપ્ટન, આર્ચર અને જોર્ડન કોક્સ ટીમમાં સામેલ

**રવિવારની** રાત્રે બનેલી નાઇટ ક્લબની ઘટના પછી સ્ટોક્સ કેપ્ટનશિપ છોડશે એવા અહેવાલો હતા



લંડન, તા. 10 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)એ જણાવ્યું હતું કે, નાઈટક્લબ ઘટનામાં તેમની કથિત સંડોવણીની તપાસ ચાલુ હોવાથી, આજે બુધવારે ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ માટે જાહેર કરાયેલી 15 સભ્યોની ટીમમાંથી ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને ઝડપી બોલર ગસ એટકિન્સનને બાકાત રાખવામાં આવ્યા છે. સ્ટોક્સના સ્થાને અનુભવી બેટ્સમેન જો રૂટને વચગાળાના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બીજી ટેસ્ટ 17 થી 21 જૂન દરમિયાન ઓવલ ખાતે રમાશે.

ઈસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈસીબીએ પુષ્ટિ કરે છે કે ચાલુ તપાસના ઘટનાક્રમમાં, બેન સ્ટોક્સ અને ગસ એટકિન્સનને 17 જૂનથી ઓવલ ખાતે શરૂ થનારી ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ માટે પસંદગી માટે અનુપલબ્ધ ગણવામાં આવ્યા છે. યોર્કશરનો બેટ્સમેન જો રૂટ વચગાળાના કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરશે. સસેક્સના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર અને એસેક્સના બેટ્સમેન જોર્ડન કોક્સને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સ્ટોક્સ કથિત રીતે ટીમના સાથી એટકિન્સન સાથે નાઈટક્લબમાં થયેલી એક ઘટનામાં સામેલ હતો, જેમાં એક રગ્બી ખેલાડી પણ સામેલ હતો. રવિવારે રાત્રે લોર્ડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે ઈંગ્લેન્ડની 115 રનની જીત બાદ આ ઘટના બની હતી. અહેવાલો અનુસાર, સ્ટોક્સ અને એટકિન્સન સોમવારે વહેલી સવારે એક નાઈટક્લબમાં હતા જ્યાં આ કથિત ઘટના બની હતી.

'ટોકસ્પોર્ટ' એ મંગળવારે પોતાના અહેવાલમાં દાવો કર્યો હતો કે સ્ટોક્સ કેપ્ટનશીપ છોડી શકે છે અને નિવૃત્તિની જાહેરાત પણ કરી શકે છે. ઈસીબીએ અગાઉ કહ્યું હતું કે તે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના અંત પછી ટીમ પ્રોટોકોલના સંભવિત ભંગની તપાસ કરી રહ્યું છે.

### નાઇટ ક્લબમાં ટેબલ મામલે સ્ટોક્સનો રગ્બી ખેલાડી ટોટોઆ સાથે ઝઘડો થયો

**ટોટોઆએ** એટકિન્સનને મુક્કો માર્યો પણ તે ઇસીબીના સુરક્ષા કર્મીને વાગ્યાં પછી સ્ટોક્સ ગુસ્સે ભરાયો અને રગ્બી ખેલાડી સાથે તેની ઝપાઝપી થઇ



લંડન, તા. 10 : બેન સ્ટોક્સ અને તેના સાથી ગસ એટકિન્સને રવિવારે દક્ષિણપશ્ચિમ લંડનના વ્હાઇટ હોર્સ પબમાં તેમની સાંજ વિતાવી અને તે પછી તેઓ ચેલ્સીના સૌથી કુખ્યાત નાઈટક્લબ તરીકે જાણીતા રેક્સ રૂમ્સમાં ગયા. અહીં સ્ટોક્સે મોંઘા ઓર્ડર આપ્યા, જેમાં ઘણા ડબલ રમ અને કોક્સનો સમાવેશ થાય છે, જે પ્રતિ ડ્રિંક્સ કુલ 25 પાઉન્ડ આશરે રૂ 2700 રૂપિયાનું હતું ઓર્ડર આપ્યા પછી, સ્ટોક્સ બેન અર્લ અને જેમી જ્યોર્જ સહિત ઘણા રગ્બી ખેલાડીઓ સાથે ચેટ કરતા જોવા મળ્યા. સ્ટાફે અહેવાલ આપ્યો કે સ્ટોક્સની જ્યોર્જ સાથેની વાતચીત મૈત્રીપૂર્ણ લાગી, પરંતુ તેણે ટોટોઆ અવુઆ સાથે કોઈ વાતને લઈને દલીલ કરવાનું શરૂ કર્યું, જે મારપીટમાં ફેરવાયું.

અહેવાલો અનુસાર, ક્લબના VIP વિસ્તારમાં એક ટેબલ પર ઝઘડો થયો. સારાસેન્સ રગ્બી ખેલાડી ટોટોઆ અવુઆએ કથિત રીતે એટકિન્સનને નિશાન બનાવ્યો હતો. ટોટોઆ અવુઆએ એક મુક્કો માર્યો, જે એટકિન્સનને બદલે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના સુરક્ષા ગાર્ડ પર પડ્યો. ત્યારબાદ બેન સ્ટોક્સ ગુસ્સે ભરાયો અને ઝપાઝપી થઈ. જોકે, સ્ટોક્સ કે એટકિન્સન બંનેને ઈજા થઈ ન હતી. એવું માનવામાં આવતું નથી કે સ્ટોક્સે ઝઘડો શરૂ કર્યો હતો, પરંતુ સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સ્ટોક્સ એક માણસને મુક્કો મારીને જમીન પર પછાડી રહ્યો છે.

## 'હિટ-મેન'ની વાપસી : રોહિત ટીમ ઈન્ડિયાના નેટ સેશનમાં જોડાયો

**ઝડપી** બોલરો સામે નેટમાં તે થોડો અસ્વસ્થ જણાયો હતો, જ્યારે સ્પિનરો સામે તેણે આક્રમક અંદાજ અપનાવ્યો



મોહાલી, તા. 10 (પીટીઆઈ) : ભારતીય ટીમનો માજી કેપ્ટન રોહિત શર્મા આજે બુધવારે અહીં ભારતના વ્હાઈટ-બોલ નેટ સેશનમાં જોડાયો હતો અને યુવા તેમજ ઉભરતા સ્ટાર્સની હાજરી છતાં આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. ભારતીય ટીમની બસ આઈએસ બિન્દ્રા સ્ટેડિયમ સંકુલમાં પહોંચે તે પહેલાં જ ભારે ઉત્તેજનાનો માહોલ હતો. તાજેતરમાં રમતમાંથી ગેરહાજર રહેવાને કારણે તેની ફિટનેસ અંગે અટકળો ચાલી રહી હતી.

જ્યારે રોહિત મેદાન પર પહોંચ્યો ત્યારે તે બધાનું કેન્દ્ર બન્યો. રોહિત થોડીવાર માટે સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ એડ્રિયન લે રોક્સ સાથે વાત કરી અને પછી હળવી દોડ શરૂ કરી. રોહિતે લગભગ પાંચ સેટ પૂર્ણ કર્યા. તાજેતરની ફિટનેસ ચિંતાઓ છતાં, તે બેફિકર દેખાતો હતો. જોકે, જ્યારે તેણે પેડ્સ પહેર્યા ત્યારે ખરો ઉત્સાહ જાગ્યો.

આગામી એક કલાક સુધી, ઝડપી બોલરોના નેટ્સ અને સ્પિનરો પર પ્રેક્ટિસ કરતી વખતે, તેની દરેક હિલચાલ પર નજીકથી નજર રાખવામાં આવી, ત્યાં હાજર થોડા લોકો તેના દરેક શોટ અને દરેક મિસ પર નજર રાખી રહ્યા હતા. નેટમાં તે થોડો અસ્વસ્થ દેખાતો હતો અને તેણે બાઉન્ડ્રી મારવાને બદલે બોલને ટાઈમ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ઝડપી બોલરો સામે તે લય પાછી મેળવવા પ્રયાસ કરતાં જણાયો હતો જ્યારે સ્પિનરો સામે તેણે આક્રમક અંદાજમાં બેટિંગ કરી હતી.

### માનવ સુથાર વોરવિક્શર માટે બે મેચ રમશે

લંડન, તા. 10 : અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં ભારત માટે અભિનય કરનાર ડાબોડી સ્પિનર માનવ સુથાર આગામી બે કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચોમાં ઈંગ્લિશ ક્લબ વોરવિક્શર તરફથી રમશે. વોરવિક્શરે બુધવારે સુથાર સાથે ટૂંકા ગાળાના કરારની જાહેરાત કરી. આ કરારથી તે12-15 જૂન દરમિયાન સ્કારબોરો ખાતે યોર્કશાયર સામે અને પછીના અઠવાડિયે ટોન્ટનમાં સમરસેટ સામે એમ આગામી બે કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચ માટે ઉપલબ્ધ થશે. વોરવિક્શાયરના પર્ફોર્મન્સ ડિરેક્ટર જેમ્સ થોમસે જણાવ્યું હતું કે, અમે માનવનું બેર્સમાં સ્વાગત કરતાં ખૂબ જ ખુશ છીએ. ટીમ માટે આ ખરેખર રોમાંચક સમય છે. અમારી સિઝન સારી રહી છે અને માનવ અમારા બોલિંગ આક્રમણમાં એક નવું પરિમાણ લાવશે.